*Research Guru Volume-3 (September, 2014) (ISSN: 2349-266X)*

# પછાત વર્ગના ઉત્કર્ષમાં પરીક્ષિતલાલ મઝમુદારનું પ્રદાન

ડો. ગીતા ડી. મારુ

વ્યાખ્યાતા,

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દહેગામ

---

ભારત અને વિશ્વના ઇતિહાસ પર દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે મહાન નેતાઓ સામાન્ય કુટુંબમાં જ જન્મ્યા છે. પરિક્ષિતભાઈનો જન્મ કાયસ્થ જાતિમાં તા- 5-1-1901ના દિવસે પાલિતાણામાં થયો હતો. મૂળ વતન તેમનું જંબુસર હતું અને કબીલો મજમુદાર અટકતી ઓળખાતો હતો. કાળક્રમે બધા સુરત આવીને વસ્યા. તેમના ઉપર માતા-પિતાના સંસ્કારો પડ્યા હતા. પરિક્ષિતલાલના જીવનમાં એક દિવસ એવી ઘટના બની કે એક વ્યક્તિ પોસ્ટ ઓફિસના ઓટલા આગળ આંટાફેરા મારતો હતો. તેને પોસ્ટમાંથી એક પોસ્ટકાર્ડ જોઈતું હતું. પરિક્ષિતભાઈએ તેના હાથમાંથી કાવડિયો લીધો પોસ્ટકાર્ડ લાવ્યાઅને પેન્સિલથી તેને લખી આપ્યું. આ પોસ્ટકાર્ડ જેને લખી આપ્યું હતું તે હરીજન ભાઈ હતો. આમ , પરિક્ષિતભાઈને બાળપણથીજ તેમનામા હરીજન સેવાના શ્રીગણેશ મંડાયા હતા.[1]

પરિક્ષિતભાઈએ ઉજળિયાતોનું હરિજનો સાથેનું વર્તન પણ તેમની ડાયરીમાં નોંધ્યું છે કે દળવાની ઘંટી લોકોને કોઈ અનાજ દળી આપતું ન હતું. કોઈ મારી ગયું હોય તો તેના સમાચાર કે ચિઠ્ઠી લઈને હરિજનોએ ફરજિયાત જવું પડતું હતું. રોગચાળો ફાટી નીકળે તો ગામલોકો ભૂવા પાસે ધૂણીને એવું બોલતા કે આ રોગચાળો હરિજનોએ કર્યો છે. ગામની ભાગોળે હરિજનોએ ટુચકો કર્યો છે વગેરે. આવા આરોપો મૂકીને હરિજનોને રંજાડવાના આવતા અને આગેવાનો તેમણે શિક્ષા કરતાં. હારીજન બાળકો શાળામાં ભણે તો તેમના શિક્ષકો જુલમ કરતાં અને કોઈપણ શિક્ષક હારીજન વિદ્યાર્થીઓ પાસેથી હાથો હાથ પાટી લેતા નહીં અને ભૂલે ચૂકે વિદ્યાર્થી અડી જાય તો ગુરુ ગુસ્સે થતાં. સિવિલ હોસ્પિટલોમાં પણ ઓરમાયું વર્તનરાખવામાં આવતું હતું. આવા કરૂણ અપમાનો અટકાવવા પરિક્ષિતભાઈએ ભેખ

લોધો હતો. 'ચોટલાખત' નામના લેખમાં સ્ત્રીઓ માટેના કાયદાનો કેવો દૂરપયોગ થતો તેની પણ માહિતી પરિક્ષિતભાઈએ આપી છે .

મહેસાણા પ્રાંતમાં હરિજનો પોતાના લેણદારો પાસે રકમ ઉછીની લઈને એના વ્યાજ પોતાના કુટુંબોની યુવાન બેન અને દીકરીઓના ચોટલા ગીરવે મૂકે છે. લેણદારો એનો એવો અર્થ કરતાં કે જયાં સુધી એ રકમો પાછી તેમને ન મળે ત્યાં સુધી એ બહેનો ઉપરનો સર્વ હક્ક લેણદારો ભોગવી શકે. [2] પરિક્ષિતભાઈએ અશ્પૃષ્યો પર થતાં આવા જુલમોને રોક્યા અને અશ્પૃષ્યતા નિવારણનું કાર્ય જુસ્સાભેર કર્યું હતું અને હરિજનોને ઉજળિયાત વર્ગમાં થોડું સ્થાન મળે તે માટેના પ્રયત્નો પણ કર્યા હતા. આ ઉપરાંત હરિજનો કેવા રહે છે , કેવા વિસ્તારમાં રહે છે તેની ચિંતા પરિક્ષિતભાઈ કરતાં હતા. હરિજનો જયાં રહેતા હતા તે વિસ્તારની મુલાકાત પણ લેતા હતા અને શકાય તેવી મદદ પણ કરતાં. વડોદરા મુકામે તેઓ શંકરપ્રસાદ કેશવલાલ રાવળને મળ્યા હતા અને ગાબડાં પડી ગયેલા ઘર જોયા હતા. [3] બાલાસિનોર મુકામે પણ તેઓએ ચમાર સફાઈ કામદારોના ઝૂંપડાઓ જોયા હતા. [4] આ રીતે પરિક્ષિતલાલ હરિજનોના લત્તામાં રૂબરૂ મુલાકાત લેતા અને તેઓના ઘરમાં જયાં સફાઈ સુધારાઈની જરૂર લાગે તે કરાવતા.

પરિક્ષિતલાલની ડાયરીમાં તેઓ વિશેના લેખો , ગાંધીજીના તેઓની ઉપરના પત્રો વગેરે આધારે એમ કહી શકાય કે તેઓએ મોટાભાગનું પોતાનું જીવન અંત્યજવાસની મુલાકાતમાં જ વિતાવ્યું છે. તેઓ જે વાસમાં જતાં , ત્યાં જ ભોજન લેતા, લોકો સાથે સમાજસુધારણાની ચર્ચા કરતાં અને રાત્રે સભાનું આયોજન કરતાં તથા ભજન વગેરે કાર્યકેમોમાં ભાગ લેતા. વડોદરાના સફાઈ કામદારવાસમાં તેમણે સભાનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત ઠક્કરબાપાના પ્રમુખપદ નીચે તેમણે ખેડામાં એક સભાનું આયોજન કર્યું હતું. [5]

પરિક્ષિતલાલે અંત્યજોમાં કુટેવો, દૂષણો, હોય તેને છોડાવવાના પ્રયત્નો કર્યા. તા-13-10-1928ના રોજની ડાયરીમાં તેઓએ લખ્યું છે કે " પાંચ વાગ્યે નીકળી સફાઈ કામદારોની સભામાં ગયો ને અંત્યજ સમિતિના સભાસદો સાથે સૌને તાડી નહીં

પીવાની પ્રતિજ્ઞા લેવાની અને તેની વાતો કરી." આ ઉપરાંત તેઓએ દારૂ નિષેધ માટે સભાઓનું આયોજન કરતાં લોકો સાથે દારૂનો ત્યાગ કરે ટેન સમજાવતા અને ભાષણો કરતાં. ગોધરા ખાતે પરિક્ષિતલાલે બાળલગ્નના પ્રતિબંધ સંબંધે લોકોની સાથે વાતો કરો હતી.[6] પરિક્ષિતલાલે તાડી નહીં પીવાની , બાળલગ્નો નહીં કરવાની , માંસાહાર બંધ કરવાની અને દારૂ નહીં પીવાની વાત લોકોને સમજાવતા.

આ સમયે હરિજનોમાં શિક્ષણનું પ્રમાણ ખુબજ ઓછું હતું. માહિતી આપતા સાધનો જેવા કે રેડિયો વગેરે પણ આ સમયે અલ્પમાત્રામાં ગામડામાં હતાં અને જે હતાં તે કહેવાતા સવારનો પાસેજ હતાં. તેથી ઘણી એવી માહિતી તો હરિજનો સુધી પહોંચી શકતી ન હતી. પરિક્ષિતલાલે વડોદરા પાસેના બૂરાનપુર સફાઈકામદારના વાસામાં જઈને સોસાયટી અને લોન વિષેની સમજણ આપી હતી.[7] આ રીતે હરિજનો આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શકે અને સંગઠન બનાવે તેવો પરિક્ષિતભાઇનો આશય હતો.

હરિજનોને જાહેર તળાવના ઉપયોગ ઉપર પ્રતિબંધ હતો , જાહેરમાં ગામજનો માટે કૂવા હતાં, પરંતુ એ કુવે પાણી ભરવા દેવામાં આવતું નહીં એટલે વીરડો ખોદીને પાણી ભરવું પડતું હતું. તેના કારણે હરિજનોના બાળકો માંદા પડતાં અને મરણ પામતા હતાં. ડોકટરોએ જાહેર કર્યું હતું કે ગંદુ પાણી પીવાથી જ આ લોકો મરી ગયા છે. આ વાત સરકારમાં પણ કરવામાં આવી હતી. લોકમાનસ હજુ કેળવાયુ ન હતું એટલે કૂવા ઉપર પાણી ભરવા દેવામાં આવતું નહીં. આવા બધા કૂવાની પરિક્ષિતભાઇ જાતે મુલાકાત લેતા અને બને એટલી મદદ કરવા માટે તૈયાર રહેતા. આગેવાનોને મળતા , કૂવાઓ તૈયાર કરાવતા , નાની સભાઓ પાનમ કરતાં અને કૂવાનું ઉદ્દઘાટન પણ કરાવતા. ગામ ફતેહવાદી , સાબરમતિને કિનારે હારીજન સફાઈકામદારો રહેતા હતાં. તેમના માટે પાણીઓની કોઈજ વ્યવસ્થા ન હતી. કેટલાંક આગેવાનોને મળીને હરિજનભાઈઓને નદીમાંથી પાણી ભરવાની વ્યવસ્થા કરી આપી હતી. કેટલાંક ભાગમાં નદીનું પાણી પણ ખરાબ હતું. હરિજનો તે પાણી પણ વાપરતા. તે દ્રશ્ય જોઈને પરિક્ષિતલાલેનું હ્રદય પીગળી જતું.[8]

આવુજ બીજું કરી સને 1932-33માં મંદિર પ્રવેશનું તેમણે કર્યું. પરિક્ષિતલાલે ગાંધીજીને કહ્યું કે ગુજરાતમાં એકાદ અપવાદ સિવાય કોઈ મંદિર કે કૂવો હરિજનો માટે ખુલ્લો નથી.તેમણે "ધી ઇંડિયન સોશ્યલ રીફોર્મર" નામના સામાયિકમાં તા-24-8-1935ના અંકમાં લખ્યું હતું કે સરકારી અહેવાલો પ્રમાણે હરિજનોને જાહેર શાળાઓમાં મુક્ત રીતે પ્રવેશવા દેવાય . હું ધારુ છુ કે જેટલું ઓછું કહેવાય એટલું સારું.[9]

પરિક્ષિતભાઈએ નડિયાદ મુકામે સંતરામ ભાગોળે સફાઈકામદારોનું જે મંદિર બંધાવેલું હતું તેનો ઉલ્લેખ પોતાની ડાયરીમાં કર્યો છે. તેમાં એક ઘટના વિષે લખે છે કે શહેરના ચૌટામાં હરિકીર્તન ચાલતું હતું અને એક ભટ્ટજી કથા કરતાં હતાં. કથા સાંભળી સફાઈ કામદાર 11 રૂપિયા ઉઠામણી બોલ્યો અને આરતી કરવાનો તેને હક્ક મળ્યો, પરંતુ કેટલાંક શ્રોતાઓએ હરીજન આરતી કરે તેનો વિરોધ કર્યો. આ વાંધા સામે પરિક્ષિતલાલે કાયદો વાપરવાની ધમકી આપી , પરિણામે હરિજનના રૂપિયા સ્વીકારાયાં અને હરિજનોને તે દિવસે આરતીનો લાભમળ્યો. [10] આમ ઠેર ઠેર મંદિર પ્રવેશ માટે પરિક્ષિતલાલ જતાં અને કેટલાયેની સાથે વાતોઘાતો કરી સમાધાન કરાવતા. હરિજનો સાથેના ઝઘડાઓના સમાધાનમાં પરિક્ષિતલાલ બને ત્યાં સુધી સમાધાનકારી વલણ અપનાવતા. ઘણા ગામોમાં ઝઘડાઓને કારણે હરિજનોનો બહિષ્કાર કરવામાં આવતો. તેમની ડાયરીના લખાણોના આધારે આપણે એમ કહી શકીએ કે પરિક્ષિતલાલની હાજરીથી બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ જતું . કયારેક પાણી બાબતે , ક્યારેક વૈતરું કરવાની બાબતે મોટાભાગના ઝઘડાઓ થતાં હતાં. પરિક્ષિતલાલની સમાધાન કરવવાની વિશિષ્ટ પ્રકારની પદ્ધતિ હતી. બંને પક્ષોને સાથે બોલાવીને બધાનું બરાબર સાંભળીને પરિક્ષિતલાલ ન્યાય આપતા. કેટલીક બાબતોમાં કોર્ટ કચેરીનો આશરો પણ લેવાતો હતો.આ સમયે હરિજનો સાથે મારઝૂડ કરવામાં આવતી હતી. ટૂંકમાં પરિક્ષિતલાલ જયાં જાય ત્યાં સંપીને શાંતિથી રહો તેવો ઉપદેશ આપતા અને સુમેળભર્યું વાતાવરણ પેદા કરતાં.

પરિક્ષિતલાલની પ્રવૃત્તિથી ગાંધીજી ખુબજ ખુશ હતાં. તેઓને કોઈપણ કામ સોંપવામાં આવતૂ તેમાં તેઓ પૂરી મહેનત કરતાં. ગાંધીજી કહેતા કે પરિક્ષિતભાઈ જેવા મને જો પાંચ સેવકો મળી જાય તો હું અશ્પૃષ્યતાના કલંકને મિટાવી શકું છુ. આટલો બધો અતૂટ વિશ્વાસ ગાંધીજીને પરિક્ષિતલાલ માટે હતો. પરિક્ષિતભાઈની ડાયરી એ આપણાં માટે તેમના વ્યક્તિત્વની સાચી ઓળખ છે.તા-12-9-1956ના રોજ આ મહાન સેવકનું અવસાન થયું. તેમના અવસાન વખતે તેમને અંજલિ આપવામાં આવી છે જેમાં 'પરિક્ષિતભાઈ ત્યાગમૂર્તિ, સેવામૂર્તિ અને કરુણામૂર્તિ હતાં. તેમના હ્રદયમાં એક જ ભાવના અને કામના હતી કે પીડિતોના દૂ:ખ નિવારણમાં ખપી જવું.' તેમણે આખું જીવન હારીજન કાર્યમાં અર્પણ કર્યું. તેમાજ આપણને તેમની મહાનતાના દર્શન થાય છે.

સંદર્ભસૂચી

1. દલપત શ્રીમાળી, સેવામૂર્તિ પરિક્ષિતલાલ, પા.નં. 9,10
2. ગાંધીજીનો અક્ષરદેહ, 66 પા.નં. 50
3. પરિક્ષિતલાલની ડાયરી તા- 28-10-1927
4. એજન, તા- 21-11-1927
5. એજન, તા- 26-11-1927
6. એજન, તા- 25-4-1938
7. એજન, તા- 15-11-1927
8. એજન, તા- 10-12-1927 તથા 11-12-1928
9. શેઠ સુરેશભાઇ છી. ભારતમાં સામાજિક અને ધાર્મિક ચાલવાળો , પા.નં. 267 (1818થી 1960) યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, 1990
10. પરિક્ષિતલાલની ડાયરી તા-23-12-1939